# SAVE NATURE

મા:- મને મ્હોરેલી મંજરીએ કહી દીધુ રે હું તો ફાગણ આવ્યો ને હું તો ફાગણ આવ્યોને હું તો મ્હોરી રે !

દીકરી :- મા ! તમે શું ગાઓ છો? અને કોણે શું કહી દીધુ?

મા:- જો ને બેટા ! આ પ્રકૃતિએ વસંત ઋતુ પછી કેવા સાજ શણગાર કર્યા છે .

દીકરી :- મા ! સાજ શણગારની વાત પછી કરજો. મને પહેલા પ્રકૃતિ વિશે થોડી માહિતગાર કરશો?

મા:- હા બેટા ! આપણે માનવજાત પણ કુદરત (પ્રકૃતિ) નામના અમૂલ્ય વૃક્ષની પર્યાવરણ નામની જે ડાળીએ બેઠા છીએ પ્રકૃતિના મુખ્ય તત્વો સમુદ્ર, જંગલો ,નદીઓ,ધરતી,બ્રહ્માંડ વગેરે છે.

દીકરી:- મમ્મા ! કુદરત અને તેના તત્વો  એકલી માનવજાત માટે જ છે?માતા :- ના મારી વ્હાલી ! આ સૃષ્ટી પર વસતા  તમામ સજીવો તેના સરખા જ હક્દાર બને છે.પણ પૃથ્વી પર સૌથી છેલ્લે આવેલા માનવે કે જે અન્ય કરતા બુધ્ધીશાળી ગણાયો તેણે સમજદારી દાખવવાના બદલે તેના ખોળે બેસી ભરપૂર લાભ લેવાના બદલે તેનો માલિક બની બેઠો અને પંખી , પશુ ,- પ્રાણીઓ માટે જીવવુ મુશ્કેલ કરી નાખ્યું છે. અનેક વન્યજીવોના અસ્તિત્વ પર સવાલનું નિશાન લગાવી દીધુ.

દીકરી:- મા ! અસ્તિત્વ પર સવાલ એ વળી શું?

મા :-પ્રકૃતિ એટલે કુદરતનો સ્વભાવ , પર્યાવરણનો મિજાજ . પોતના સ્વાભાવિક ક્રમને ખોરવીનાંખતાં અને અમૂલ્ય તત્વો હાની પહોંચાડતા માનવ પર આજે કુદરત રુઠી છે પરિણામેજુદા જુદા રુપે તેનો પરચો જોવા મળી રહ્યો છે.

દીકરી:- પ્રકૃતિ પણ રુઠતી હોય?

મા:- હા ! હા ! કુદરત જો મીજાજ ગુમાવે તો કેવાં પરીણામો આવે તે જણાવું . આખાને આખા ગામોને ગામ ગળી જતી ત્સુનામીઓ , શહેરોને કે માનવવસ્તીને વેરાન બનાવી મુકે

તેવા ભયંકર વાવાઝોડા , આખે આખા શહેર કે દેશને દિવસો સુધી દાટી દે તેટલી બરફવર્ષા. ગાત્રો ગાળી નાખે તેટલી ઠંડી, હાડકાં પીગળાવી દે તેવી ભયંકર ગરમી , વિનાશક પુર . આવી અનેક રીતે કુદરત વિફરી બેસે છે અને વારંવાર ચેતવણીઓ આપતી રહે છે.

દીકરી:- મા ! પ્રકૃતિ ગરજી – વરસી કે ધણધણીને કહી રહી લાગે છે કે હે માનવજાત ! તું ગમે તેટલા ખેલ ખેલી લે પણ મારી તાકાત સામે તું વામણો છે!

મા:- હા દીકરા ! સૃષ્ટીના રચયિતા એ કુદરતના દરેક મહત્વના સ્ત્રોતો ને માનવકલ્યાણ નું જ કામ સોંપેલું છે. નદી , ઝરણા ને ખળખળ વહેતા રહીને માનવજાતનું કલ્યાણ કરવાનું કામ પર્વતને અડિખમ ઉભા રેહવાનું કામ અને નદી કે ધોધ રુપે જળપ્રવાહ ને વહાવી . તેના થકી માનવી ને ભરપુર લાભ આપવાનું – પર્યાવરણને બેલેન્સ કરવાનું એટેલે કે ઋતુચક્રના નિયંત્રણમાં સંતુલિત ફાળો નોંધાવવાનું કામ.

દીકરી :- કુદરતે જંગલો પણ અમસ્તાં ન બનાવ્યા હોય?

મા:- કુદરતે સમગ્ર પ્રાણી- પંખી સૃષ્ટીનું તેને આશ્રયસ્થાન બનાવ્યું છે. સાથે હવા અને અગ્નિ પણ માનવજાત તથા સજીવ સૃષ્ટીને જીવંત રાખે છે.

દીકરી:- મા ! આપણે કુદરતને કેવી રીતે બચાવી શકીએ ?

મા:- સદીઓથી , વર્ષો થી કુદરતે આપણને અઢળક આપ્યું છે અને નગુણા કે નફ્ફટ બનવાના બદલે કઇ પાછું ના વાળી શકીએ પણ જે કંઇ બચ્યું છે તેને જાળવી લેવાનો આદર તો વ્યક્ત કરી જ શકીએ !

દીકરી:- જો કુદરતના દરેક તત્વો તેમની આ મફત છતાં મહામુલી સેવા આપવાનું બંધ કરી દે તો ! અથવા ચાર્જ લેવાનું શરુ કરી દે તો !

મા:- માણસ એટ્લે નિશ્ચિત છે કેમ કે કુદરત તેવું કરવાની નથી પણ છ્તાં માનવ અત્યાચારોના ભોગ બનેલી કુદરત ચુપ નથી બેસી રેહવાની. તે વારંવાર ‘રેડ સિગ્નલો’ આપીને તેનો ગુસ્સો વ્યક્ત કરતી રહે છે.

દીકરી:- એ તો  ચેતવે છે કે હજુ જો એને બચાવી લેવાના પ્રયત્નો નહી કરાય તો તે પણ કોઇ ને બચાવવાના મુડ્માં નહીં રહે.......!!!